સરકારી કર્મચારીના બદલી/નિવૃત્તિ/મૃત્યુ તથા
અન્ય સંજોગોમાં સરકારી મકાન ચાલુ રાખવા અંગે

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસીડી/૧૧૯૭/૧૫૮૭/૫૮/બ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૮-૬-૯૮

વંચાણે લીધો (અ) તા.૨૨-૧૦-૮૨ નો ઠરાવ ક્રમાંક : એસીડી/૧૦૭૬/૧૯૬૦/૧૧/બ.૧

પ્રસ્તાવના :

આ વિભાગના તા.૨૨-૧-૮૨ના ઠરાવ અન્વયે રાજ્યના કર્મચારી/અધિકારીને ફાળવવામાં આવેલ સરકારી મકાનો બદલી / મૃત્યુ / નિવૃત્તિ તથા અન્ય સંજોગોમાં ચાલુ રાખવાદેવા અને ભાડા વસુલાત માટે જોગવાઈ કરવામાં આવેલ. રાજ્ય સરકારનાવસાહત ફાળવણીના નિયમો ઘણા જુના હોયતેમાં ફેરફાર તથા વ્યવહારૂ અને પારદર્શક બનાવવા માટે નિયમોમાં સુધારા માટે સમિતિની રચના કરવામાં આવેલ. સમિતિની ભલામોને ધ્યાને લઈ પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ હુકમો કરવામાં આવે છે.

ઠરાવ :

સદરહુ જોગવાઈ અનુસાર કોલમ-૧ માં દર્શાવેલ હેતુઓ માટે કોલમ-૨માંદર્શાવેલ સમયસુધી સામાન્ય ભાડાનાદરથી (ફ્લેટ રેઈટ) સરકારી આવાસ ચાલુ રાખી શકાશે.

| | કોલમ | કોલમ-૨ |
|---|---|---|
| ૧ | સરકારી નોકરીમાંથી નિવૃત્તિ | ૬ માસ |
| ૨ | સરકારી નોકરીમાંથી રાજીનામું, બરતરફી અને રુખસદ | ૧ માસ |
| ૩ | સરકારી કર્મચારી / અધિકારીનું નોકરી દરમ્યાન મૃત્યુ | ૧ વર્ષ |
| ૪ | ફરજ પરના મુખ્યમથકની બદલી | ૨ માસ |
| ૫ | મુળ વિભાગની હકુમત બહાર પ્રતિનિયુક્તિ | ૨ માસ |
| ૬ | ભારત સરકારમાં અવર સેવા પર | ૨ માસ |
| ૭ | ભારત બહાર અન્ય સ્થળે થયેલ બદલી | ૪ માસ |

| | | |
|---|---|---|
| ૮ | અભ્યાસ રજા અથવા ભારત બહાર | ૬ માસ |

<u>પ્રતિનિયુક્તિ</u>

ઉપર દર્શાવેલ સમયગાળામાટે મકાનચાલુ રાખવા માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવાના રહે છે.

(૧) ક્રમાંક ૩,૪, ૭ માં દર્શાવેલ સંજોગોમાં જો કર્મચારી / અધિકારીના સંતાનો સ્કૂલ, કોલેજમાં અભ્યાસ કરતાં હોય તો તેના પુરાવા સાથે સક્ષમ ફાળવણી અધિકારીને અરજી કરવાથી જે તે શૈક્ષણિક સત્ર સુધી સામાન્ય દરથી ફ્લેટ રેઈટ થી સરકારી આવાસ ચાલુ રાખવા દેવાની પરવાનગી સક્ષમ ફાળવણી અધિકારી આપી શકશે.

(૨) બદલીના સંજોગોમાં બદલી થયેલ કર્મચારી / અધિકારીનાભાડાની વસુલાત બદલીના નવા સ્થળે જે તે સક્ષમ અધિકારીને કરવાની રહેશે. આવા કિસ્સામાં બદલીના જુના સ્થળે કર્મચારી / અધિકારીના નિમણૂંક અધિકારીએ છેલ્લા પગાર પત્રકમાં આ અંગે જરૂરી સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) ઉપર દર્શાવેલ બદલીના કિસ્સામાં (ક્રમાંક : ૪, ૫, ૬ અને ૭)માં માન્ય સમયગાળો જ્યારે કર્મચારી નવી ફરજ પરનીજગ્યાએ હાજર થાય ત્યારની ગણતરીમાંલેવાનો રહેશે અને જુની જગાએમંજુર થયેલ રજાઓને પણ ગણતરીમાં લેવાની રહેશે.

(૪) ઉપરોક્ત સમયગાળા બાદનો સમયગાળો અનઅધિકૃતસમયગાળો ગણી માર્કેટ ભાડાના દરે ભાડુ વસૂલાત કરવામાં આવશે અને અનઅધિકૃત કબજા અંગે ગુજરાત પબ્લીક પ્રોમાઈસીસ (ઈવિક્શન ઓફ અનઓથોરાઈઝ્ડ ઓક્યુપેશન) એક્ટ-૧૯૭૨ના જોગવાઈ મુજબ સરકારી મકાન ખાલી કરાવવાનીતથા માર્કેટ દરથી ભાડા વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) નિવૃત્તિ બાદના અનઅધિકૃત કબજાનીભાડા વસુલાત માટે કર્મચારી / અધિકારીના પેન્શન પર મળવાપાત્ર હંગામીવધારો / સમયગાળાની રાહત અટકાવવામાં આવશે.

(૬) અનઅધિકૃત કબજા / ભાડા વસૂલાત માટે સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.મ.) વિભાગ-૧, એક માસમાં જ કરવાની રહેશે અને ભાડાના સમય માટે સંબંધિત ઉપાડ અધિકારીને ભાડા પત્રક અચૂક મોકલવાનું રહેશે અને તે મુજબનું ભાડુ વસુલકરવાની જવાબદારી સંબંધિતઉપાડ અધિકારીનો રહેશે.

(૭) અનઅધિકૃત ભોગવટાના પડતર કેસોના નિકાલ સુધારેલ નવા નિયમો મુજબ કરવાનો રહેશે. જ્યારે નિયમિત કરી આવપામાં આવેલ કેસમાં પુનઃ વિચારણા કરવામાં આવશે નહીં અને આ નિયમો ૧-૬-૯૮ થી અમલમાં આવશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) વિભાગની તા.૨૩-૨-૯૮ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી /-
(બી. ડી. નાયક)
નાયબ સચિવ,
માર્ગ અને મકાન વિભાગ.

ક્રમાંકઃ પરચ/૧૦૯૮/૧૦૬૦/ફ-૧

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ અને પાણી પૂરવઠા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩૦-૬-૯૮

- સર્વે અધિકારીશ્રીઓ, નજ.રાં. અને પા.પુ.વિ. સચિવાલય,ગાંધીનગર
- સર્વે શાખા/એકમ,
- સિલેક્ટ ફાઈલ

(રા. વ. દેસાઇ)
સેક્શન અધિકારી,
ન.જ.સ.અને પા.પુ. વિભાગ.